# અફઘાનિસ્તાનમાં ભૂકંપથી તબાહી

## ૧૦૦૦થી વધુનાં મોત : ૧૫૦૦થી વધુ ઈજાગ્રસ્ત : રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૧ માપવામાં આવી હતી : ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના દક્ષિણ-પૂર્વમાં હતું : ભૂકંપના આ આંચકા પાકિસ્તાનમાં પણ અનુભવાયા હતા,

કાબુલ,તા.૨૨

ભૂકંપે અફઘાનિસ્તાનમાં ભયંકર તબાહી મચાવી છે. સવારમાં આવેલા આ ભૂકંપમાં ત્યાં ૧૦૦૦થી વધુ લોકોના મોત થયા અને ૬૧૦થી વધુ ઘાયલ થયા હોવાની જાણકારી મળી છે. ભૂકંપના આ આંચકા પાકિસ્તાનમાં પણ અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૧ માપવામાં આવી હતી. યુએસ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) ના જણાવ્યા પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના દક્ષિણપૂર્વમાં હતું.





ભૂકંપની મહત્તમ તીવ્રતા હજુ સુધી નક્કી નથી થઈ શકી. જોકે, રિક્ટર સ્કેલ પર ૭.૦ અથવા તેનાથી વધુના તીવ્રતા વાળા ભૂકંપને સામાન્યથી ખતરનાક માનવામાં આવે છે. અફઘાનિસ્તાનમાં આવેલો આ ભૂકંપ તેનાથી થોડી જ ઓછી તીવ્રતા વાળો હતો. અહેવાલ પ્રમાણે ભૂકંપના આંચકા પાકિસ્તાનમાં ઈસ્લામાબાદ સહિત બાકી શહેરોમાં પણ અનુભવાયા હતા. સોશિયલ મીડિયા પર પણ લોકો ભૂકંપની ચર્ચા કરી રહ્યા છે. લોકોએ લખ્યું કે, ભૂકંપના આ આંચકા થોડી સેકન્ડો માટે અનુભવાયા હતા. પરંતુ તેનાથી ડરીને લોકો નાસીપાસ થઈ ગયા હતા.

# હું રાજીનામું આપવા તૈયાર છું પરંતુ સામે આવીને માંગે : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ, તા.૨૨

હું કોઈપણ ક્ષણે રાજીનામું આપવા તૈયાર છું. પરંતુ શરત માત્ર એટલી છે કે, રાજીનામું સામે આવીને માંગે અને ટેલીફોન કરીને માંગે. અન્ય સ્થળેથી વાતો કે નિવેદનો કરવાથી રાજીનામું આપું એમ નથી. રાજીનામું આપવા માટે મારી પાસે એવા કોઈ કારણો નથી. શીવસેના અકબંધ છે અને અકબંધ રહેશે.



હું સવારે કોરોનાથી સંક્રમિત થતાં મેં પ્રત્યક્ષ મળવાનું ટાળ્યું હતું. મહારાષ્ટ્રમાં જે રાજકીય પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેનાથી હું જરાપણ વિચલીત થયો નથી. મારી સાથે એન.સી.પી.ના શરદ પવાર અને કોંગ્રેસના દિગ્ગજ નેતા કમલનાથે ટેલીફોન પર વાત કરી મને સહકારની ખાતરી આપી હતી. મારી માંગણી અને લાગણી બસ એટલી જ છે કે, મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી તો શીવસેનાનો જ બને. જોઈ કોઈપણ શીવસૈનિક મુખ્યમંત્રી બનવા તૈયાર હોય અને સામે આવીને માંગણી કરે તો હું રાજીનામું આપી દેવા તૈયાર છું. મને ખુરશી કોઈ મોહ નથી. મારી લાગણી ફક્ત એટલી જ છે કે મારા અઢી વર્ષના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન મેં ઘણા વિકાસના અને પ્રજાલક્ષી કાર્યો કર્યા છે.

## શિવસેનાએ વ્હીપ જાહેર કર્યું, કેબિનેટ મિટિંગમાં ૮ પ્રધાનોની ગેરહાજરી

મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્રમાં ચાલી રહેલી રાજકીય ગડમથલની વચ્ચે કેબિનેટની બેઠક યોજાઈ હતી. મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી બાદ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પણ કોરોના સંક્રમિત થયા હોવાના કારણે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આ બેઠક યોજાઈ હતી. મુંબઈમાં કેબિનેટની બેઠકમાં ૮ મંત્રીઓ સામેલ નહોતા થયા.

બેઠકમાં એકનાથ શિંદે, ગુલાબરાવ પાટિલ, દાદા ભૂસે, સંદીપન ભુમરે, અબ્દુલ સત્તાર, શંભૂરાજ દેસાઈ (રાજ્યમંત્રી), બચ્ચૂ કડૂ, રાજેન્દ્ર યેદ્રાવકર અનુપસ્થિત રહ્યા હતા.

શિવસેનાએ આજે સાંજે યોજાનારી મોટી બેઠક માટે તમામ ધારાસભ્યો માટે વ્હિપ જાહેર કર્યું છે.

# શિવસેના છોડવાનો નથી, કોઈ પાર્ટીમાં જોડાવાનો નથી : શિંદે

## માત્ર હિન્દુત્વની લડાઈ છે અને બાળાસાહેબ ઠાકરેએ જે હિન્દુત્વ શીખવ્યું હતું તેના માટે લડત ચલાવી રહ્યા હોવાનો નેતાનો દાવો

ગૌહાટી,તા.૨૨

મહારાષ્ટ્રની ઉદ્ધવ ઠાકરે સરકાર સામે જંગે ચડેલા એકનાથ શિંદેએ ગુવાહાટી એરપોર્ટ ઉપર પત્રકારોને સ્પષ્ટ જણાવ્યું હતું કે પોતે કોઈ પક્ષમાં જોડાવાના નથી, શિવસેના છોડવાનો કોઈ સવાલ નથી. આ માત્ર હિન્દુત્વની લડાઈ છે અને શિવ સેના સ્થાપક બાળાસાહેબ ઠાકરેએ જે હિન્દુત્વ શીખવ્યું હતું તેના માટે આ લડત ચલાવી રહ્યા છે.

પોતાને ૪૦ જેટલા ધારાસભ્યોનો ટેકો હોવાનો દાવો કરતા, સુરતથી ગુવાહાટી પહોંચેલા શિંદેએ વધુમાં જણાવ્યું હતું કે પોતે કે બળવો કરનારા કોઈ સભ્યોએ શિવ સેના છોડી નથી. પોતે કોઈ પક્ષમાં જોડવાની તૈયારી નથી કરી રહ્યા. અમારી માંગ એટલી જ છે કે ઠાકરે પણ હિન્દુત્વ તરફ પરત ફરે અને અગાઉ ભાજપ અને સેનાની કે યુતિ હતી તેમાં આવે.





આ નિવેદનોનો સંકેત સ્પષ્ટ છે કે કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસને છોડી ભાજપ સાથે પરત ફરે તો જ ઉદ્ધવ ઠાકરે સરકાર બચી શકે છે.

# પીએમ કિસાનના પૈસા મેળવવા ખેડૂતો માટે ઈ-કેવાયસી ફરજિયાત

નવી દિલ્હી,તા.૨૨

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના દ્વારા કેન્દ્ર સરકાર દેશભરમાં કરોડો ખેડૂતોને દર વર્ષે ૬,૦૦૦ રૂપિયાની આર્થિક મદદ કરે છે. ૨-૨ હજાર રૂપિયાના ત્રણ હપ્તા દ્વારા આપવામાં આવતા પૈસાથી ખેડૂતોને ઘણી મદદ મળે છે. છેલ્લી ૩૧ મેના રોજ મોદી સરકારે ખેડૂતોને ૨,૦૦૦ રૂપિયાની ૧૧મો હપ્યો ટ્રાન્સફર કર્યો હતો. ૧૦ કરોડથી વધુ ખેડૂતોને તેનાથી ફાયદો થયો હતો. હવે ખેડૂતો ૧૨માં હપ્તાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

પીએમ કિસાન યોજના હેઠળ દર ચાર મહિના બાદ ખેડૂતોના બેંક એકાઉન્ટમાં ૨,૦૦૦ રૂપિયા જમા કરવામાં આવે છે. ખેડૂતોના એકાઉન્ટમાં જૂલાઈથી લઈને સપ્ટેમ્બર સુધીમાં ૧૨મો હપ્તો જમા થઈ શકે છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, સપ્ટેમ્બરના છેલ્લા દિવસોમાં ખેડૂતોને આ ભેટ મળી શકે છે.

જો તમે પીએમ કિસાન યોજનાના લાભાર્થી છો તો તમારે ઈ-કેવાયસીકરાવવું અનિવાર્ય છે. જો તમે ઈ-કેવાયસીનથી કરાવ્યું તો તમે આગામી હપ્તાનો લાભ મેળવવાથી વંચિત રહી શકો છો. આવી સ્થિતિમાં કરોડો ખેડૂતોએ ફોરન ઈ-કેવાયસીકરાવી લેવું જોઈએ. તેના માટે અંતિમ તારીખ ૩૧ જૂલાઈ છે. કેન્દ્ર સરકારે છેલ્લા દિવસોમાં ઈ-કેવાયસીની તારીખ વધારીને ૩૧ જૂલાઈ કરી દીધી હતી.

# મહારાષ્ટ્રના રાજ્યપાલ અને મુખ્યમંત્રી કોરોનાથી સંક્રમિત

## રાજ્યપાલ મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરાયા

મુંબઈ,તા.૨૨

મહારાષ્ટ્રમાં કદાવર નેતા એકનાથ શિંદેએ બળવો પોકારતા રાજકીય ભૂકંપ આવી ગયો છે. શિવસેનાના આ બળવાખોર ધારાસભ્ય પોતાના સમર્થક વિધાયકોને લઈને હવે ગુજરાતના સુરતથી અસમના ગુવાહાટી પહોંચી ગયા છે. બળવાખોર ધારાસભ્યોનું નેતૃત્વ કરી રહેલા એકનાથ શિંદેએ કહ્યું કે તેઓ શિવસેના છોડવાના નથી. અત્રે જણાવવાનું કે એકનાથ શિંદે મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી પણ છે. મહારાષ્ટ્રના રાજકારણમાં જે ઘમાસાણ જોવા મળી રહ્યું છે તે વચ્ચે એક મોટા સમાચાર આવ્યા છે. રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી કોરોના પોઝિટિવ થયા છે. તેઓને હાલ સારવાર અર્થે મુંબઈની એક હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સૂત્રોના જણાવ્યાં મુજબ એકનાથ શિંદે આજે મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીને એક પત્ર ફેક્સ કરી શકે છે. આ પત્ર દ્વારા તેઓ લગભગ ૪૦ વિધાયકોનું મહારાષ્ટ્રની મહાવિકાસ આઘાડી સરકારને સમર્થન ન હોવાનો દાવો રજૂ કરી શકે છે. આ પત્રના આધારે રાજ્યપાલ પછી ફ્લોર ટેસ્ટનો નિર્ણય લેશે. આ નિર્ણય લેવાય તો ઉદ્ધવ સરકારે બહુમત સાબિત કરવાનો વારો આવી શકે છે.

અસમના ધારાસભ્ય હિમંત બિસ્વા સરમા ગુવાહાટી પહોંચેલા શિવસેનાના બળવાખોર ધારાસભ્યોને મળવા માટે પહોંચ્યા. મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી એકનાથ શિંદે પોતાના સાથી વિધાયકો સાથે ગુવાહાટી પહોંચી ગયા છે.

# નિવૃત્તિની વય અને પેન્શનની રકમમાં થઈ શકે છે વધારો

## સરકાર કરવા જઇ રહી છે આ બદલાવ : મોદીની આર્થિક સલાહકાર સમિતિએ જણાવ્યું છે કે, દેશમાં નિવૃત્તિની ઉંમરમાં વૃદ્ધિ કરવાની સાથે સાથે યુનિવર્સલ પેન્શાન સિસ્ટમ પણ શરૂ કરવી જોઈએ

નવી દિલ્હી,તા.૨૨

કેન્દ્ર સરકાર સરકારી કર્મચારીઓને જલ્દી જ કોઈ ગુડ ન્યૂઝ આપી શકે છે. કર્મચારીઓની નિવૃત્તિની ઉંમર અને પેન્શનની રકમ વધારવા અંગે ચર્ચા વિચારણા કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આર્થિક સલાહકાર સમિતિ તરફથી આ રજૂઆત કરવામાં આવી છે. ભારતમાં કામ કરતા લોકોની વયમર્યાદામાં વૃદ્ધિ કરવા અંગે રજૂઆત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આર્થિક સલાહકાર સમિતિએ જણાવ્યું છે કે, દેશમાં નિવૃત્તિની ઉંમરમાં વૃદ્ધિ કરવાની સાથે સાથે યુનિવર્સલ પેન્શન સિસ્ટમ પણ શરૂ કરવી જોઈએ. સમિતિના રિપોર્ટ અનુસાર આ સિસ્ટમ હેઠળ કર્મચારીઓને દર મહિને ઓછામાં ઓછું રૂ.૨,૦૦૦ પેન્શન આપવું જોઈએ. આર્થિક સલાહકાર સમિતિએ ભારતમાં સિનિયર સિટીઝનની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરવા માટેની રજૂઆત કરી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કામ કરવાની ઉંમર વધારવી હોય તો સેવાનિવૃત્તિની ઉંમરમાં પણ વૃદ્ધિ કરવાની જરૂરિયાત છે. સામાજિક સુરક્ષા પ્રણાલી પરના પ્રેશરને ઓછું કરવા માટે આ સિસ્ટમની શરૂઆત કરી શકાય છે.

## ચિંતાનજક વધારો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

દહેગામના હાલીસા ખાતેથી પણ એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસામાં ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જિલ્લામાં બે વિદ્યાર્થી, બે કર્મયોગી તેમજ એક નિવૃત્ત કર્મયોગી કોરોનાની ઝપટે ચડ્યા છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસ સાથે હાલ ૧૮ એક્ટીવ કેસ તરીકે દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૦૬૮ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. આજે ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

## લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

માનવા લાગ્યો છે. હૈયામાંથી કરૂણાનો ઝરો સૂકાઈ ગયો છે. એટલે સાત્ત્વિકતાનો રસ ક્યાંથી હોય ? બધા જ સંબંધોમાં કૃત્રિમતા ઘેરાઈ વળી છે. મા-બાપ, ગુરુ, અતિથિ આ ચાર સ્થંભ પર માનવ સભ્યતા ટકી રહી હતી... વાસ્તવમાં જીવતો એટલે ભાવનાત્મક ઘડતર થતું. માણસ કુળવાન, ખાનદાન બને એવા પ્રયાસો થતાં... માનવ મહામાનવ એવી તકો હાથવગી રહેતી... હવો તો બધુંઔપચારિક... નામનું જ. દેખાવ પૂરતું.... બસ સૌ પ્રદર્શન પ્રિય બની રહ્યા છે. ચાર્વાકવાદી બનેલો આજનો માણસ દિનપ્રતિદિન વાસ્તવિકતાથી વેગળો ને વેગળો હડસેલાતો જાય છે... એની દૃષ્ટિ અને વૃત્તિ બંને બદલાઈ ગયા છે...

નીતિનાશના માર્ગે વળેલી માનવજાતને કોણ પાછી વાળશે ?!!

**સ્પર્શમણિ :**

પહેલા પાડોશી પણ પરિવારની જેમ રહેતા હતા... અને હવે પરિવારમાં પણ પાડોશીની જેમ રહેવા લાગ્યા છે !!

● ● ●

જે શર્ટનાં કોલર ઊંચા થઈ જાય છે ને.... દોસ્તો એ ખીંટી પરથી પણ પડી જાય છે !!!

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## ગેરકાયદે સંપત્તિ પર બુલડોઝર ફેરવાયા સુપ્રીમ કોર્ટમાં યુપી સરકારની સ્પષ્ટતા

નવી દિલ્હી,તા.૨૨

પ્રયાગરાજ અને રાજ્યના અન્ય ભાગોમાં બુલડોઝર ચલાવવાની કાર્યવાહી પર ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું હતું. યુપી સરકારે કહ્યું કે, બુલડોઝરની કાર્યવાહીને પયગંબર મોહમ્મદ પર સસ્પેન્ડ કરાયેલા ભાજપના પ્રવક્તા દ્વારા આપવામાં આવેલા નિવેદન બાદ ફાટી નીકળેલા રમખાણો સાથે કોઈ લેવાદેવા નથી. સરકારે જણાવ્યું કે, ગેરકાયદેસર સંપત્તિને તોડી પાડવાની કાર્યવાહી નાગરિક સંસ્થાઓના નિયમો પ્રમાણે કરવામાં આવી રહી છે. આટલું જ નહીં રાજ્ય સરકારે અદાલત સમક્ષ માંગ કરી હતી કે, જમિયત ઉલેમા-એ-હિંદની અરજીને પેનલ્ટી સાથે ફગાવી દેવી જોઈએ.

આટલું જ નહીં યોગી સરકારે જમિયતની અરજીને લઈને કહ્યું કે, તેમણે કેટલાક મીડિયા રિપોર્ટસના આધાર પર આ અરજી કરી છે. સરકારે જણાવ્યું કે, તેમના તરફથી લગાવવામાં આવેલા તમામ આરોપો ખોટા છે. એટલા માટે તેમની અરજી ફગાવી દેવી જોઈએ.

# ડીએચએફએલ સ્કેમના પ્રમોટર્સ સામે ૩૪,૬૧૫ કરોડની છેતરપિંડીનો કેસ

## ભારતના એનબીએફસી સેક્ટર અને મ્યુ. ફંડ સેક્ટરને હચમચાવી નાખનારું કૌભાંડ : કપિલ અને ધીરજ વાધવાન સામે રૂ. ૩૪, ૬૧૫ કરોડની છેતરપિંડીનો કેસ દાખલ : આ સાથે સીબીઆઈ દ્વારા નોંધાયેલ આ ઈતિહાસનો સૌથી મોટો ફ્રોડ કેસ છે

મુંબઈ,તા.૨૨

ભારતના એનબીએફસી સેક્ટર અને મ્યુચ્યુઅલ ફંડ સેક્ટરને હચમચાવી નાખનાર ડીએચએફએલ સ્કેમમાં પ્રમોટર વાધવાન બંધુઓ સામે સીબીઆઈએ કેસ નોંધ્યો છે. રિપોર્ટ અનુસાર કેન્દ્રિય તપાસ એજન્સીએ કપિલ અને ધીરજ વાધવાન સામે રૂ. ૩૪, ૬૧૫ કરોડની છેતરપિંડીનો કેસ દાખલ કર્યો છે. આ સાથે સીબીઆઈ દ્વારા નોંધાયેલ આ ઈતિહાસનો સૌથી મોટો ફ્રોડ કેસ છે. આ અગાઉ એબીપી શિપયાર્ડનો રૂ. ૨૨,૮૪૨ કરોડનો ફ્રોડ કેસ ભારતના ઈતિહાસનો સૌથી મોટો બેંક ફ્રોડ કેસ છે.

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ એનબીએફસી કંપની ડીએચએફએલના પ્રમોટર બંધુ કપિલ વાધવાન અને ધીરજ વાધવાન સામે યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના નેજા હેઠળની ૧૭ બેંકોએ કરેલ ફરિયાદને આધારે





આ બેંક ફ્રોડનો કેસ નોંધ્યો છે.

સીબીઆઈએ યુનિયન બેંકની ફરિયાદને આધારે આ કેસ નોંધ્યો છે. અગાઉ સરકારી બેંક દ્વારા કરવામાં આવેલ ફરિયાદ અનુસાર રૂ.૪૦,૬૨૩ કરોડનું નુકસાન પહોંચાડવા બદલ દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (ડીએચએફએલ)ના પૂર્વ પ્રમોટરો અને મેનેજમેન્ટની તપાસ કરવા માટે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ને પત્ર લખ્યો હતો. પોતાની ફરિયાદમાં યુનિયન બેક્રની આગેવાની હેઠળના કન્સોર્ટિયમ દ્વારા નિમણૂંક ઓડિટ ફર્મ કેપીએમજીના રિપોર્ટનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં પ્રાથમિક દૃષ્ટિએ જણાયું છે કે, "બેલેન્સીટમાં છેડછાડ, માહિતી છુપાવવી, અઘોષિત બેંક એકાઉન્ટ્સ અને ખોટી રજૂઆત નિર્ધારિત ધોરણો અને પ્રક્રિયાઓનું ઉલ્લંઘન થયુ છે."

કેપીએમજીના વિશેષ ઓડિટ રિપોર્ટમાં ડીએચએફએલ પ્રમોટરને સમાનતા ધરાવતી ૩૫ સંસ્થાઓને કુલ રૂ.૧૯,૭૫૪ કરોડની લોન અને ધિરાણનું વિતરણ કરાયુ છે. ઓડિટમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે ૧૬૯ એન્ટિટીએ કરેલુ રૂ. ૫,૪૭૬ કરોડનું રિપેમેન્ટ ડીએચએફએલના બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં શોધી શકાયુ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીએચએફએલના પ્રમોટર્સ કપિલ અને ધીરજ વાધવન હાલમાં યસ બેંકના સહસ્થાપક રાણા કપૂર સાથે મળીને યસ બેંક સાથે થયેલી કથિત છેતરપિંડી માટે સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નોંધાયેલા કેસોના સંબંધમાં જેલમાં છે. સપ્ટેમ્બરમાં પિરામલ કેપિટલ એન્ડ હાઉસિંગ ફાઈનાન્સ (ડીપીસીએચએફ)એ રોકડ અને નોન કન્વર્ટેબલ ડિબેન્ચર ઈશ્યુ કરીને ડીએચએફએલનું રૂ. ૩૪,૨૫૦ કરોડમાં હસ્તાંતરણ પૂર્ણ કર્યું હતું. અગાઉના એક અહેવાલ અનુસાર સીબીઆઈએ પ્રધાન મંત્રી આવાસ યોજના(પીએમએવાય) સાથે સંકળાયેલ એક કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડના સંદર્ભમાં પણ કેન્દ્રિય તપાસ એજન્સીએ પ્રમોટર ભાઈઓ કપિલ અને ધીરજ વાધવાન સામે કેસ દાખલ કર્યો હતો.